## (1) નાઈટ્રોજન ડાયોક્સાઈડ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) તેના દ્વારા વાયુની ગુણવત્તા ઘટે છે.
(2) તે ઓઝોનના સ્તરને નુકશાન પહોંચાડી શકે છે.
(3) તેના દ્વારા એસિડ વર્ષા થઈ શકે છે.
(4) લોકડાઉનના કારણે વિશ્વના વિવિધ શહેરોમાં નાઈટ્રોજન ડાયોક્સાઈડનું પ્રમાણ ઘટયું છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ જુલાઈ 28ના સંયુક્ત રાષ્ટ્રોના રિપોર્ટ મુજબ, દિલ્હીમાં નાઈટ્રોજન ડાયોક્સાઈડનું પ્રમાણ 70%થી પણ વધારે ઘટયું છે. ચીન, બેલ્જિયમ અને યુ.એસ.ના શહેરોમાં પણ લોકડાઉનના લીધે નાઈટ્રોજન ડાયોક્સાઈડનું પ્રમાણ ઘટયું છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ નાઈટ્રોજનના ઓક્સાઈડોના કારણે વાયુની ગુણવત્તા ઘટે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ નાઈટ્રોજન ડાયોક્સાઈડ એમોનિયા સાથે ભળીને ઓઝોન–સ્તરનું પ્રમાણ ઘટાડી શકે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તે માનવ આરોગ્યના વિવિધ જોખમો પણ વધારી શકે છે. દા.ત. કેન્સર અને અન્ય શ્વાસના રોગો.

⇛ નાઈટ્રોજન ડાયોક્સાઈડ નાઈટ્રીક એસિડમાં રૂપાંતર પામી એસિડ વર્ષા કરી શકે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ એસિડ વર્ષા જમીનની અંદર જઈ ભૂગર્ભ જળને પણ પ્રદૂષિત કરે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) મૌસમ એપ્લિકેશન વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલય દ્વારા આ એપ્લિકેશન લોંચ કરવામાં આવી છે.
(2) એપ્લિકેશનનું નિર્માણ ઈસરો તથા IMD દ્વારા કરવામાં આવ્યું છે.
(3) આ એપ્લિકશનની માહિતી પ્રત્યેક અડધી કલાકે અપડેટ થશે.
(4) ખતરારૂપ વાતાવરણ માટે કલર કોડેડ એલર્ટ આપવામાં આવશે.

(A) માત્ર (2), (3) અને (4)
(B) માત્ર (1) અને (3)
(C) માત્ર (4)
(D) માત્ર (1) અને (2)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના મંત્રીશ્રી દ્વારા મૌસમ એપ્લિકેશન લોંચ કરવામાં આવી છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ એપ્લિકેશનનું નિર્માણ તથા ડિઝાઈનીંગ નીચેની સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલું છે.
- ICRISAT (International Crops Research Institute for Semi-Arid Tropics)
- IMD (Indian Meteorological Department)
- IITM (Indian Institute of Tropical Meteorology)

(આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ એપ્લિકેશનમાં 200 શહેરો માટેના વાતાવરણની માહિતી આપવામાં આવશે. એપ્લિકેશનની આ માહિતીને દિવસમાં 8 વખત અપડેટ કરવામાં આવશે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ લોકોને ખતરારૂપ વાતાવરણથી બચાવવા માટે દિવસમાં 2 વખત કલર કોડેડ એલર્ટ આપવામાં આવશે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ એપ્લિકેશન અંતર્ગત 'Nowcast'ની સુવિધા અપાશે જેમાં 800 કેન્દ્રો માટે પ્રત્યેક કલાકે સ્થાનિક વાતાવરણની ચેતવણી આપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

(3) Dare to Dream 2.0 સ્પર્ધા વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ સ્પર્ધા DRDO દ્વારા લોંચ કરવામાં આવી છે.
(2) આ સ્પર્ધા ડો. એપીજે અબ્દુલ કલામની 5મી જન્મજયંતિ દરમિયાન લોંચ કરવામાં આવી છે.
(3) આ એક ઓપન ચેલેન્જ છે જેના દ્વારા દેશના ઈનોવેટરો તથા સ્ટાર્ટ–અપને પ્રોત્સાહન મળશે.
(4) આ સ્પર્ધા માત્ર અવકાશ ક્ષેત્ર માટેની જ છે.

(A) માત્ર (1) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (4)
(D) માત્ર (2)

⇛ જવાબ :- A

**સમજૂતી :**

⇛ તાજેતરમાં DRDO દ્વારા એક ઈનોવેશન સ્પર્ધા લોંચ કરવામાં આવી છે જેનું નામ Dare to Dream 2.0 છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ સ્પર્ધા ડો. એપીજે અબ્દુલ કલામની 5મી મૃત્યુતિથિના રોજ લોંચ કરવામાં આવી છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ સ્પર્ધા એક ઓપન ચેલેન્જ છે જેના દ્વારા દેશના ઈનોવેટરો તથા સ્ટાર્ટ–અપને પ્રોત્સાહન મળી શકશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ સ્પર્ધા સંરક્ષણ તથા એરોસ્પેસ ટેક્નોલોજી ક્ષેત્રના ઈનોવેશન માટેની છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ સ્પર્ધામાં વિજેતા સ્ટાર્ટ–અપને રૂ. 10 લાખનું ઈનામ તથા વ્યકિતગત વિજેતાને રૂ. 5 લાખનું ઈનામ આપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) શીતળા (Smallpox) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) તે બેક્ટેરિયા દ્વારા પ્રસરતો ચેપી રોગ છે.

(2) 1980માં WHO દ્વારા આ રોગ વૈશ્વિક રીતે નાબૂદ થયેલો છે તેમ જણાવવામાં આવ્યું હતું.

(3) આ રોગ 8મી સદીથી અસ્તિત્વમાં છે.

(4) આ રોગ દ્વારા મૃત્યુનું પ્રમાણ 30% જેટલું હતું.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇒ **જવાબ :- B**

**સમજૂતી :**

⇒ શીતળા એ એક ચેપી રોગ છે જે Variola નામના વાયરસ દ્વારા ફેલાય છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇒ ઓક્ટોબર 1977માં તેનો અંતિમ કુદરતી કેસ જોવા મળ્યો હતો.

⇒ WHO દ્વારા 1980માં આ રોગ સમગ્ર વિશ્વમાંથી નાબૂદ થઈ ગયેલો છે તેમ જણાવવામાં આવ્યું હતું. (આથી, વિધાન (2) સાચું છે.)

⇒ આ રોગ દ્વારા થતાં મૃત્યુનું પ્રમાણ આશરે 30% જેટલું હતું. ઉપરાંત નાના બાળકોમાં મૃત્યુનું પ્રમાણ વધારે જોવા મળતું હતું. (આથી, વિધાન (4) સાચું છે.)

⇒ તાજેતરમાં આ રોગના ઉદ્ભવ વિશે સંશોધન કરવામાં આવ્યું હતું. તે પરથી જાણવા મળ્યું છે કે આ રોગ 8મી સદી દરમિયાન પણ અસ્તિત્વમાં હતો. (આથી, વિધાન (3) સાચું છે.)

⇒ આ રોગની પ્રથમ રસી 1796મા એડવર્ડ જેનર દ્વારા શોધવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**(5) બ્લૂ પોપી (Blue Poppy) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) તે એક ફૂલની પ્રજાતિ છે.

(2) તેને હિમાલયના ફૂલોની રાણી તરીકે ઓળખવામાં આવે છે.

(3) તે મુખ્યત્વે પૂર્વાચંલ હિમાલયમાં 3000થી 4000 મીટરની ઊંચાઈએ મળે છે.

(4) કલાઈમેટ ચેંજના કારણે આ ફૂલો નીચેની ઊંચાઈએથી અદશ્ય થઈ રહયા છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ બ્લૂ પોપી એ ફૂલની પ્રજાતિ છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ ફૂલને હિમાલયના ફૂલોની રાણી પણ કહે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તે મુખ્યત્વે કુમાઉથી કાશ્મીરમાં 3000 થી 5000 મીટરની ઊંચાઈએ મળી આવે છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ તાજેતરમાં જાણવા મળ્યું છે કે, આ ફૂલ નીચેની ઊંચાઈઓ તથા પત્થરી વિસ્તારોમાંથી ધીમે–ધીમે અદશ્ય થઈ રહયા છે.

⇛ માત્ર બ્લૂ પોપી જ નહીં અન્ય ફૂલો કે જે વધુ ઊંચાઈએ થતાં હોય છે તેને અથવા તો વધુ ઊંચાઈએ સ્થાનાંતરિત થવું પડે છે અથવા તો અદશ્ય થવું (મરવું) પડે છે તેવી સ્થિતિ કલાઈમેટ ચેંજના કારણે સર્જાય છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT